GJBH010010462022

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૧/૦૪/૨૦૨૨ |
| કેસ નોંધણી તારીખ | ૧૧/૦૪/૨૦૨૨ |
| કેસ ફેંસલ તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ – દિવસ |
| | **૦૪ 03 30** |

**મહેરબાન ભરૂચના સ્પે. જજ (એટ્રોસીટી) અને બીજા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.ભરૂચ.**

सत्यमेव जयते

**સ્પે. (એટ્રોસીટી) કેસ નં.૧૨/૨૦૨૨**

**આંક–**

ફરીયાદી:– સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઓ:– ૧) જમીલ હુશેન ઉર્ફે મુઝમીલ બશીર ઉમર ખીલજી
રહે.ડાભા તળાવ ઉપર,દરગાહ વાળી પાળ,
તા.જંબુસર, જી.ભરૂચ.

૨) શાહબુદી્ન મેહબુબ એહમદ ખીલજી
રહે.ડાભા, ધોળાકુવા,આંબાવાડી,
નવનગરી પાસે,તા.જંબુસર, જી.ભરૂચ.

૩) યુસુફ એહમદ ગુલભા ખીલજી
રહે.ડાભા, ધોળાકુવા,આંબાવાડી,
નવનગરી પાસે,તા.જંબુસર, જી.ભરૂચ.

૪) અબ્દુલ જોરભા ગુલભા ખીલજી
રહે.ડાભા, ધોળાકુવા વાડીમાં,
તા.જંબુસર, જી.ભરૂચ.

| |
|---|
| ફરીયાદી તરફે વિ. સરકારી વકીલશ્રી એમ.જી.રાઠોડ |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી એન.એમ.શેખ |

**ગુનો:-** ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) મુજબ.

---

## ચુકાદો

**(૧)** ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે:-**

આ કામના ફરીયાદી તથા સાહેદ દીલીપભાઈનાઓ તા.૧૧/૦૨/૨૦૨૨ ના કલાક ૬:૩૦ વાગ્યાના અરસામાં પોતાની ઈકો ગાડી લઈને ડાભા ગામના ડી.એચ. ભદ્ર ખાતે જવા માટે રોહીતવાસમાં થઈને પસાર થઈ રહયા હતા ત્યારે આરોપી નં.૧ જમીલ હુશેન ઉર્ફે મુઝમીલ બશીર ઉમર ખીલજીનાઓ છોટા હાથી ટેમ્પો નં.જી.જે.૧૬-એવી-૩૩૧૦ લઈને સામે આવતા ત્યાંનો રસ્તો સાંકડો હોવાથી ફરીયાદીએ પોતાની ગાડીની લાઈટ મારીને આરોપી નં.૧ નુ વાહન સાઈડમાં ઉભુ રાખવા ઈશારો કરેલ તેમ છતાં આરોપી નં.૧ નાઓ તેમના છોટા હાથી ટેમ્પો ગાડી ફરીયાદીની

ગાડીની નજીક સીધા લઇ આવી ગાડીમાંથી નીચે ઉતરી ફરીયાદીને કહેલ કે, ''તુ મને મારી ગાડી સાઈડમાં ઉભી રાખવા ઈશારો કરે છે, તને બહુ પાવર આવી ગયો છે ''ખાલપા'' તેવુ કહી ફરીયાદીને જાતિ વિષયક ખરાબ શબ્દો બોલતા ફરીયાદી આરોપી નં.૧ સામે માફી માંગી ફરીયાદી તથા સાહેદ દીલીપભાઈ ગાડી લઈને ત્યાંથી નીકળી ગયેલ અને ફરીયાદી તથા સાહેદ ડાભા ગામે આંબાવાડી પાસે પહોંચતા રસ્તામાં આરોપી નં.૧ નાઓ તમારા કબજાનો છોટા હાથી ટેમ્પો ફરીયાદીની ગાડીની આગળ લાવી ઉભો રાખેલ અને આરોપી નં.૧ થી ૪ નાઓ છોટા હાથી ટેમ્પોમાંથી નીચે ઉતરેલ અને આરોપી નં.૧ નાએ ફરીયાદીને કહેલ કે, ''તારી માનો ઢેડો મારું ખાલપા '' તેવુ કહી ફરીયાદીને જાતિ વિષયક ખરાબ શબ્દો બોલી અને ફરીયાદીને કહેલ કે, '' તુ તારા ફળીયામાંથી નીકળ્યો ત્યારે તેઓને ગાડી સાઈડમાં ઉભી રાખવા ઈશારો કરતો હતો.'' તેમ કહી તમો આરોપી નં.૧ નાએ ફરીયાદીને હોઠના ભાગે તથા જમણા કાનના ભાગે થપ્પડ મારેલ ત્યારે ફરીયાદીએ આરોપી નં.૧ ને કહેલ કે,''તમે મને મારો નહીં '' તેવુ કહેતા આરોપી નં.૧ નું ઉપરાણુ લઈને આરોપી નં.૩ યુસુફ એહમદ ગુલભા ખીલજી ફરીયાદી તથા સાહેદ તરફ આવેલ અને સાહેદ દીલીપભાઈને આરોપી નં.૩ નાએ કમરના ભાગે ઢીકાપાટુનો માર મારેલ અને બાદમાં આરોપી નં.૧ અને ૩ નુ ઉપરાણુ લઈ આરોપી નં.૨ શાહબુદી્ન મેહબુબ એહમદ ખીલી અને આરોપી નં.૪ અબ્દુલ જોરભા ગુલભા ખીલજીએ ફરીયાદી તથા સાહેદને મા–બેન સમાણી ગાળો બોલી, ચારેય તમો આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી, જાતિ વિષયક અપશબ્દો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અધિનિયમની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો આચરેલ છે. જે અંગેની ફરીયાદ વેડચ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રૂબરૂ ફરીયાદીએ નોંધાવેલી.

(૩) સદર કેસનું ચાર્જશીટ અત્રેની સ્પેશીયલ અદાલતમાં રજુ થતા, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીઓ સામે આંક–૮ થી ગુન્હાનું તહોમતનામું ફરમાવેલ અને તે આરોપીઓને વાંચી સંભળાવી, સમજાવવામાં આવેલ અને આરોપીઓનું નિવેદન આંક–૯, ૧૦, ૧૧ અને ૧૨ થી લેવામાં આવતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલો છે. જેથી આ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુકવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| સાહેદ નંબર | આંક | નામ | કયા પ્રકારનો સાહેદ |
|---|---|---|---|
| ૧ | ૧૭ | હર્ષદભાઈ દીલીપભાઈ ગોહીલ | ફરીયાદ |
| ૨ | ૨૬ | ડો. તુષારભાઈ કરશનભાઈ પટેલ (સુવાગીયા) | ડોકટર સાહેદ |
| ૩ | ૨૮ | દીલીપભાઈ ડાહ્યાભાઈ રોહીત | સાહેદ |
| ૪ | ૨૯ | નગીનભાઈ મોહનભાઈ રોહીત | સાહેદ |
| ૫ | ૩૧ | જમીરૂદીન કિલમુદીન શેખ | પોલીસ સાહેદ |
| ૬ | ૩૪ | ભવાનસિહ ટેટીયાભાઈ રાઠવા | પોલીસ સાહેદ |
| ૭ | ૩૬ | મધુભાઈ પરસોતમભાઈ ભોજાણી | પોલીસ સાહેદ |

(૫ ) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## દસ્તાવેજી પુરાવા

| અનુ. નંબર | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૮ | ફરીયાદ |
| ૨ | ૧૯ | જાતિનું પ્રમાણપત્ર |
| ૩ | ૨૦ | શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર |
| ૪ | ૨૭ | ડીસ્ચાર્જ સમરી અંગેનું સર્ટીફીકેટ |
| ૫ | ૩૨ | પોલીસ યાદી |
| ૬ | ૩૫ | સ્ટેશન ડાયરી |

(૬) ફરીયાદપક્ષ તરફ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવા, પોતાની ફરીયાદ હકીકતના સમર્થનમાં અત્રેની કોર્ટના મુલ્યાંકન અર્થે રજુ કરીને વિ.પી.પી.શ્રી.ની ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરેલ હોવાનું જાહેર કરેલ છે. સદર કામે રજુ થયેલ પુરાવા સંબંધી આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ મોટા ભાગે વિગત અને ખોટી વાત છે તેવી હકીકત જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવું છે તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે ''અમો ઉપર શંકા રાખીને ખોટો કેસ કરેલો છે. અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અમો આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ છે.'' આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદને તપાસેલા નથી.

(૭) આ અદાલતે બંને પક્ષોને વિગતવારે સાંભળેલ છે અને રેકર્ડ પરના તમામ પુરાવો વંચાણે લીધેલ છે.

## સરકાર પક્ષ તરફે વિ.વકીલશ્રી તરફે રજુઆત:–

(૮) આ કામે વિ. સરકારી વકીલશ્રીની રજુઆત છે કે, આ કામે સરકાર

પક્ષે વિ. સરકારી વકીલશ્રીની રજુઆત છે કે, કોઈપણ કારણસર આ કામના ફરીયાદી–સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી પરંતુ પોલીસ સાહેદોને ન માનવા કોઈ કારણ નથી અને જાતિ વિષયક શબ્દો બોલેલાનો પુરાવો તેઓએ આપેલ છે તે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોનો પુરાવો લક્ષે રાખી, ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે તેવુ કહી શકાય જેથી આરોપીને કાયદા અનુસાર સજા કરવા તેઓની રજુઆત છે.

**<u>આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રીની</u> રજુઆતઃ–**

(૯) આરોપી તરફે વિ.વ.શ્રી મુખ્યત્વે જણાવે છે કે,તપાસમાં આવેલા ફરીયાદી સહિતના તમામ સાહેદો ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે,આ કામે આંક–૩૮ થી પક્ષકારો વચ્ચે સમાધાન થયાની પુરસીસ રજુ છે, આ કામે ખોટી રીતે આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ છે અને સદર ફરીયાદવાળો કોઈ ગુનો બનેલ ન હોય તેમ છતા ખોટી ફરીયાદ કરેલ છે અને આરોપીઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે તેમજ આરોપીઓ નિર્દોષ છે તેમજ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને તેનો લાભ આપી છોડી મુકવા વિ.વ.શ્રીની રજુઆત છે.

(૧૦) ઉપરની હકીકતોએ મારા નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદી તથા સાહેદ દીલીપભાઈનાઓ તા.૧૧/૦૨/૨૦૨૨ ના કલાક ૬:૩૦

વાગ્યાના અરસામાં પોતાની ઇકો ગાડી લઈને ડાભા ગામના ડી.એચ. ભદ્ ખાતે જવા માટે રોહીતવાસમાં થઈને પસાર થઈ રહયા હતા ત્યારે આરોપી નં.૧ જમીલ હુશેન ઉર્ફે મુઝમીલ બશીર ઉમર ખીલજીનાઓ છોટા હાથી ટેમ્પો નં.જી.જે.૧૬–એવી–૩૩૧૦ લઈને સામે આવતા ત્યાંનો રસ્તો સાંકડો હોવાથી ફરીયાદીએ પોતાની ગાડીની લાઈટ મારીને આરોપી નં.૧ નુ વાહન સાઈડમાં ઉભુ રાખવા ઈશારો કરેલ તેમ છતાં આરોપી નં.૧ નાઓ તેમના છોટા હાથી ટેમ્પો ગાડી ફરીયાદીની ગાડીની નજીક સીધા લઇ આવી ગાડીમાંથી નીચે ઉતરી ફરીયાદીને કહેલ કે, ''તુ મને મારી ગાડી સાઈડમાં ઉભી રાખવા ઈશારો કરે છે, તને બહુ પાવર આવી ગયો છે ''ખાલપા'' તેવુ કહી ફરીયાદીને જાતિ વિષયક ખરાબ શબ્દો બોલતા ફરીયાદી આરોપી નં.૧ સામે માફી માંગી ફરીયાદી તથા સાહેદ દીલીપભાઈ ગાડી લઈને ત્યાંથી નીકળી ગયેલ અને ફરીયાદી તથા સાહેદ ડાભા ગામે આંબાવાડી પાસે પહોંચતા રસ્તામાં આરોપી નં.૧ નાઓ તમારા કબજાનો છોટા હાથી ટેમ્પો ફરીયાદીની ગાડીની આગળ લાવી ઉભો રાખેલ અને આરોપી નં.૧ થી ૪ નાઓ છોટા હાથી ટેમ્પોમાંથી નીચે ઉતરેલ અને આરોપી નં.૧ નાએ ફરીયાદીને કહેલ કે, ''તારી માનો ઢેડો મારું ખાલપા '' તેવુ કહી ફરીયાદીને જાતિ વિષયક ખરાબ શબ્દો બોલી અને ફરીયાદીને કહેલ કે, '' તુ તારા ફળીયામાંથી નીકળ્યો ત્યારે તેઓને ગાડી સાઈડમાં ઉભી રાખવા ઈશારો કરતો હતો.'' તેમ કહી તમો આરોપી નં.૧ નાએ ફરીયાદીને હોઠના ભાગે તથા જમણા કાનના ભાગે થપ્પડ મારેલ ત્યારે ફરીયાદીએ આરોપી નં.૧ ને કહેલ કે,''તમે મને મારો નહીં '' તેવુ કહેતા આરોપી નં.૧ નું ઉપરાણુ લઈને આરોપી નં.૩ યુસુફ એહમદ ગુલભા ખીલજી ફરીયાદી તથા સાહેદ તરફ આવેલ અને સાહેદ દીલીપભાઈને આરોપી નં.૩ નાએ કમરના ભાગે ઢીકાપાટુનો માર મારેલ અને બાદમાં આરોપી નં.૧ અને ૩ નુ ઉપરાણુ લઈ આરોપી નં.૨ શાહબુદ્દીન મેહબુબ એહમદ ખીલી અને આરોપી નં.૪ અબ્દુલ જોરભા ગુલભા ખીલજીએ ફરીયાદી તથા સાહેદને મા–બેન સમાણી ગાળો બોલી, ચારેય તમો

આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી, જાતિ વિષયક અપશબ્દો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અધિનિયમની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

૨. શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં
૨. આખરી હુકમ મુજબ

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

**(૧૨)** આ અદાલતે બંને પક્ષોની રજુઆત તથા રેકર્ડ પરનો પુરાવો વંચાણે લીધેલ છે. પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે હકીકત લક્ષે લેવી જરૂરી છે કે, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયા બાબતે આંક–૩૮ થી પુરસીસ રજુ થયેલ છે જે સમાધાન સ્વેચ્છીક હોવા બાબતે આ અદાલતે ખાત્રી કરી,આરોપીઓને ઇ.પી.કોડ કલમ–૩૨૩, ૫૦૪ મુજબના ગુનામાથી આરોપીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૦(૧) અન્વયે નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે, તે સીવાયના અન્ય ગુના બિનસમાધાન લાયક હોઇ આરોપી તરફેની સમાધાનની રજુઆત લક્ષે લીધા વિના આ કામ ગુણદોષ પર આગળ ચલાવવામા આવેલ છે.

**(૧૨.૧)** સૌ પ્રથમ આ કામે ફરીયાદીના પુરાવા દરમ્યાન રજુ થયેલ આંક–૧૭ થી ફરીયાદી હર્ષદભાઈ દીલીપભાઈ ગોહીલ તેમના સરતપાસના સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તેઓ ડ્રાઈવીંગ કરીને તેઓનુ ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુંબમાં તેમના પિતા દીલીપભાઈ છે અને તેઓની માતા જયાબેન છે અને તેઓ બનાવના દિવસે તેઓની ઈકો ગાડી જી.જે.૧૬–ડી.સી. ૧૯૬૯ લઈને ડાબા ગામની સીમમાં આવેલ ડી.એચ.ભઠઠા ખાતે જવા માટે રોહીતવાસમાં થઈને પસાર થતો હતો તે વખતે તેઓના ગામના મુઝમીલ ઉર્ફે જમીર બસીરભાઈ ખીલજીનાઓ છોટા હાથી ટેમ્પો લઈને આવતા હતા ત્યાં રસ્તો સાકડો હોવાથી તેઓએ તેમની ગાડીની લાઈટ મારીને મુઝમીલભાઈનું વાહન સાઈડમાં ઉભુ રાખવા માટે ઈશારો કરેલ તેમ છતાં તેઓની ગાડી નજીક સીધા લઈને આવેલ અને ગાડીમાંથી નીચે ઉતરીને તેઓની પાસે આવીને તેઓની સાથે ઝઘડો કરવા લાગેલા અને સામાન્ય બોલાચાલી તેઓની વચ્ચે થયેલી તેમજ તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને આંક–૧૮ થી રજુ કરેલ છે. વધુમાં તેઓનુ જાતિનુ પ્રમાણપત્ર તથા તેઓનુ શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જેને અનુક્રમે આંક–૧૯ અને ૨૦ થી રજુ કરેલ છે.

**(૧૨.૨)** આમ ઉપરોકત ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તે ઉલટતપાસ દરમ્યાન ઉપરોકત ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો આપેલ નથી તે ઉપરાંત આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ જણાવે છે કે, આરોપીઓ અને તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નહી. વધુમાં આ સામાન્ય બોલાચાલીમાં ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા અને કોઈકનો ધકકો વાગી જવાથી તેઓ પડી

ગયેલ જેથી તેઓને ઈજા થયેલી. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે, તેઓને હોસ્પીટલ લઈ ગયા ત્યારે ડોકટરને તેઓએ કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે,ગામના માણસો સાથે તેઓએ પોલીસ સ્ટેશને ફરીયાદ આપવા ગયેલા અને ગામના માણસોએ ફરીયાદ લખાવેલી અને તેઓએ તેમાં ફકત સહી કરેલી. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે, ફરીયાદમાં શું લખાવેલુ છે તેની તેઓને ખબર નથી.

**(૧૩)** ફરીયાદપક્ષે આંક-૨૬ થી સાહેદ ડો. તુષારભાઈ કરશનભાઈ પટેલ(સુવાગીયા)ને તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ જંબુસર ખાતે જંબુસર જનરલ હોસ્પીટલમાં પ્રોપરાઈટર તથા સુપ્રીટેન્ડન્ટ તરીકે ફરજ બજાવે છે અને તેઓની હોસ્પીટલમાં તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ દર્દી હર્ષદભાઈ દીલીપભાઈ ગોહીલનાઓને સારવાર માટે લાવવામાં આવેલ હતા તેની હિસ્ટ્રી પુછતા જણાવેલ કે અમુક ઈસમો ધ્વારા ડાભા ગામ ખાતે અંદાજે સાંજે સાડા ચાર વાગ્યાના સુમારે મુકકા અને પાટુ ધ્વારા ઈજા પહોંચાડવામાં આવેલી. વધુમાં સાહેદ જણાવે છે કે,તેમને જમણી બાજુના જડબા પર દુખાવાની ફરીયાદ હતી અને તેમને તપાસતા જમણી બાજુ જડબાના ભાગ પર ટેન્ડરનેશ જણાઈ આવેલ હતી. ત્યારબાદ તેમને દાખલ દર્દી તરીકે જરૂરી સારવાર આપેલ હતી અને તેમને તા.૧૩/૦૨/૨૦૨૨ ના રોજ રજા આપવામાં આવેલ હતી અને આ અંગેનું ડીસ્ચાર્જ સમરી અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવેલ છે જે આ કામે આંક-૨૭ થી રજુ કરેલ છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૩.૧)**સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૪)** ફરીયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ દિલીપભાઈ ડાહ્યાભાઈ રોહીતને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે,ઓ ખેત મજુરી કરીને તેઓનું ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુંબમાં તેમના દીકરા હર્ષદભાઈ છે અને તેઓની પત્ની જયાબેન છે અને તેઓ બનાવના દિવસે તેમના દીકરા સાથે ઈકો ગાડી જી.જે.૧૬–ડી.સી.–૧૯૬૯ લઈને ડાભા ગામની સીમમાં આવેલ ડી.એચ.ભઠઠા ખાતે જવા માટે રોહીતવાસમાં થઇને પસાર થતો હતો તે વખતે તેઓના ગામના મુઝમીલ ઉર્ફે જમીર બસીરભાઈ ખીલજીનાઓ છોટા હાથી ટેમ્પો લઈને આવતા હતા ત્યાં રસ્તો સાકડો હોવાથી તેઓના દીકરાએ ગાડીની લાઈટ મારીને તેઓનુ વાહન સાઈડમાં ઉભુ રાખવા માટે ઈશારો કરેલ તેમ છતાં તેમણે ગાડીની નજીક સીધા લઈને આવેલ અને ગાડીમાંથી નીચે ઉતરીને તેઓની પાસે આવીને તેઓની સાથે ઝઘડો કરવા લાગેલા અને સામાન્ય બોલાચાલી તેઓની વચ્ચે થયેલી. આ સિવાય બીજો કોઈ બનાવ બનેલો નહી.

**(૧૪.૧)** આમ ઉપરોકત સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તે ઉલટતપાસ દરમ્યાન ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો આપેલ નથી.

**(૧૪.૨)** સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ સ્વીકારે છે કે, બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કંઈ બનેલ નથી. વધુમાં સાહેદ સ્વીકારે છે કે,પોલીસે તેઓને નામ ઠામ પુછેલુ તેઓએ પોલીસને કશુ લખાવેલ નથી અને જે સામાન્ય બોલાચાલીનો બનાવ બનેલો તે વાહનની ઓવરટેક બાબતે બનેલ તેવુ તેઓએ જાણેલ.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ નગીનભાઈ મોહનભાઈ રોહીતને

સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ વેપાર કરીને તેઓનુ ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુંબમાં તેઓના માતા ઉજમબેન તથા તેઓની પત્ની શીલાબેન તથા તેઓની બે દીકરીઓ અને એક દીકરો છે તેઓ સોનલ બ્રીકસ નામનો ઈંટોનો ભઠો ચલાવે છે. તેમજ બનાવ કયા વર્ષમાં અને કઈ તારીખે બનેલો તેની તેઓને ખબર નથી. બનાવમાં શું બનેલ તે અંગેની તેઓને કોઈ માહિતી નથી કોની કોની વચ્ચે બનેલો તે પણ તેઓને ખબર નથી. આ સિવાય બીજી કંઈ હકીકત તેઓ જાણતા નથી.

**(૧૫.૧)** આમ ઉપરોકત સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તે ઉલટતપાસ દરમ્યાન ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો આપેલ નથી.

**(૧૫.૨)** સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ સ્વીકારે છે કે, બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કંઈ બનેલ નથી. વધુમાં સાહેદ સ્વીકારે છે કે,પોલીસે તેઓને નામ ઠામ પુછેલુ તેઓએ પોલીસને કશુ લખાવેલ નથી અને જે સામાન્ય બોલાચાલીનો બનાવ બનેલો તે વાહનની ઓવરટેક બાબતે બનેલ તેવુ તેઓએ જાણેલ.

**(૧૬)** ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ જમીરૂદીન કિલમુદીન શેખને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તેઓ સને ૨૦૨૨ માં વેડચ પો.સ્ટે. ખાતે ઈ/ચા પીએસઆઈ તરીકે કાર્યરત હતા ત્યારે તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ આઈપીસી કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તેમજ એટ્રોસીટી એકટની કલમ–૩(૧), ૩(૨) મુજબથી એક ગુનો દાખલ કરાવેલ હતો. સદર ફરીયાદમાં આ કામના ફરીયાદીએ જણાવેલ કે તેઓ અને તેમના પિતા દીલીપભાઈનાઓ

તેમની ઈકો ગાડી લઈ તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ સવારે કલાક ૦૬–૩૦ વાગે પોતાના કામ અર્થે જઈ રહયા હતા દરમ્યાનમાં સામેથી એક છોટા હાથી આવી રહ્યુ હતુ જેના ચાલક મુઝમીલ ખીલજીનાઓએ ફરીયાદીને ઈશારો કરી સાઈડ પર ગાડી લગાવવા જણાવેલ તથા ફરીયાદીને ગાળા ગાળી કરી જાતિ વિષયક ટીપ્પણીઓ કરી ત્યારબાદ ત્યાં જતા રહેલ. ત્યારબાદ ફરીયાદીશ્રી ડાભા ગામની સીમમાં પહોંચતા સદર કામના તમો આરોપી સાથે છોટા હાથી ટેમ્પોમાં આવી આ કામના ફરીયાદી સાથે મારા મરી કરેલ તથા જાતિ વિષયક ટીપ્પણીઓ કરેલ તથા ફરીયાદીને હોઠના ભાગે તથા કાનના ભાગે માર મારેલ. તેઓને આંક–૧૮ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છે કે ફરીયાદીએ તેઓની રૂબરૂમાં ફરીયાદ હકીકત જણાવેલી અને તેના જણાવ્યા મુજબની ફરીયાદ તેઓની રૂબરૂમાં લખી લેવામાં આવેલી અને તેમાં ફરીયાદીની સહી લેવામાં આવેલી અને તેના રૂબરૂપણામાં તેઓની સહી કરવામાં આવેલી છે જે તેઓ ઓળખી બતાવે છે. સદર ગુનાની તપાસ ના.પ્રો.અધિક્ષકશ્રી એસસીએસટી સેલ ભરૂચનાઓને સોંપતી પોલીસ યાદીમાં રજુ કરે છે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને આંક–૩૨ થી રજુ કરેલ છે.

**(૧૬.૧)** સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ સ્વીકારે છે કે, ફરીયાદ લીધા સીવાય બીજી કોઈ જાત માહિતી તેઓને આ ગુના બાબતે નથી.

**(૧૭)** ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ ભવાનસિંગ ટેટીયાભાઈ રાઠવાને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તેઓ સને ૨૦૨૨ માં વેડચ પો.સ્ટે. ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે સમયગાળામાં તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ ઈ.ચા.પી.એસ.આઈ. ઝેડ.આઈ.શેખનાઓની રૂબરૂની ફરીયાદી હર્ષદભાઈ દીલીપભાઈ ગોહિલનાઓની ફરીયાદ ગુનો દાખલ કરવા માટે તેઓને મળેલી.

તેના અનુસંધાનમાં ગુનો દાખલ કરવામાં આવેલો અને તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવેલી જે સ્ટેશનડાયરીમાં તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ એન્ટ્રી નં.૯ થી નોંધ કરવામાં આવેલી છે જે તેઓના હસ્તાક્ષરમાં છે જે સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક-૩૫ થી રજુ કરેલ છે. તેઓને આંક-૧૮ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે તેઓને ગુનો રજીસ્ટર કરવા માટે મળેલ હતી તે જ છે તેમાં પી.એસ.આઈ. શ્રી ઝેડ.આઈ.શેખનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૭.૧)** સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ સ્વીકારે છે કે,તેઓને જે લેખિત ફરીયાદ આવેલ છે તે તેઓએ નોંધેલ હતી તે સિવાય ગુના વિશે તેઓને કોઈ માહિતી નથી.

**(૧૮)** ફરીયાદપક્ષે આંક-૩૬ થી સાહેદ મધુભાઈ પરસોતમભાઈ ભોજાણીને સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓ જણાવે છે કે,સને ૨૦૨૨ માં તેઓ ભરૂચ જીલ્લા ખાતે ડીવાયએસપી એસ.સી.એસ.ટી. સેલ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન વેડચ પો.સ્ટે. ગુ.ર.નં.૩૪/૨૦૨૨ એટ્રોસીટી કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબ તેમજ આઈ.પી.સી. કલમ હેઠળ ગુનો દાખલ થતા પીએસઓશ્રી ધ્વારા આ ગુનાની તપાસ કરવા સારુ તેઓને તપાસનો ડેપ્યુટ હુકમ આપેલો. ગુનાની તપાસમાં ગુનાવાળી જગ્યાનું તથા આરોપીઓને અટક કર્યા અંગેનું પંચનામું કરવામાં આવેલુ, જાતિનો દાખલો મેળવવામાં આવેલ, સાહેદોના નિવેદનો લીધેલ જેમાં ફરીયાદીશ્રીનું નિવેદન તથા અન્ય સાહેદોમાં તેમના રૂબરૂના નિવેદનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ આ ગુનાની તપાસ ડીવાયએસપીશ્રી જે.એસ.નાયકનાઓને સોંપવામાં આવેલી. તેમજ તેઓને આંક-૨૧ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે પંચનામું જોઈને જણાવે છે કે પંચોના લખાવ્યા મુજબનું તમો આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું છે જેમાં તપાસ કરનાર

અધિકારી તરીકે જે.એસ.નાયકનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ તેઓને આંક–૧૯ અને ૨૦ બતાવવામાં આવે છે જે ફરીયાદીના જાતિનું પ્રમાણપત્ર તથા શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ છે જે તપાસના કાગળોમાં સામેલ હતી તે જ છે. તેમજ તેઓને ચાર્જશીટમાંથી સાહેદોના નિવેદનો બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે તે નિવેદનો તેઓની રૂબરૂના તથા શ્રી જે.એસ.નાયક ડીવાયએસપીનાઓની રૂબરૂના છે અને તેમાં તેઓની તથા શ્રી જે.એસ.નાયકનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

(૧૮.૧) સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ સાહેદોના નામ સરનામા લઈ ફરીયાદને અનુકુળ તેઓની રીતે નિવેદનો લખી લીધેલા અને તેઓએ પંચોને પો.સ્ટે. બોલાવી તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ લઈ લીધેલી. વધુમાં સાહેદ સ્વીકારે છે કે,ફરીયાદીએ તપાસ દરમ્યાન આંક–૧૯ અને ૨૦ નો જાતિનુ પ્રમાણપત્ર તથા શાળા છોડયાનુ પ્રમાણપત્ર તેઓને રજુ કરેલુ અને તેઓને જાતે સમાજ કલ્યાણની ઓફીસે જઈ જાતિના દાખલાની ખરાઈ કરવાનો પ્રસંગ બનેલ નથી. વધુમાં સાહેદ એ વાતનો ઈન્કાર કરે છે કે,કોઈ પુરતો પુરાવો ન હોવા છતા તપાસનીસ અધિકારીશ્રીએ ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૯) આમ રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો લક્ષે લઈએ તો ફરીયાદીએ પોતાની ફરીયાદની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો રજુ રાખેલ નથી તેમજ આંક–૧૭ થી ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થઈ ગયેલ છે અને બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કઈ બનેલ નથી તેમજ અન્ય સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો આપેલ ન હોય તેમજ આંક–૩૧ થી રજુ પોલીસ સાહેદ

જમીરૂદીન કિલમુદીન શેખની જુબાની લક્ષે લેતા, ફરીયાદ લીધા સિવાય બીજી કોઈ જાત માહિતી તેઓને આ ગુના બાબતે નથી. વધુમાં આંક–૩૪ ના પોલીસ સાહેદ ભવાનસિંગ ટેટીયાભાઈ રાઠવાની જુબાની ધ્યાને લેતા,તેઓને જે લેખિત ફરીયાદ આવેલ છે તે તેઓએ નોંધેલ હતી તે સિવાય ગુના વિશે તેઓને કોઈ માહિતી નથી. તેમજ આંક–૩૬ ના પોલીસ સાહેદ મધુભાઈ પરસોત્તમભાઈ ભોજાણીની જુબાની લક્ષે લેતા, સદર ગુનાની તપાસ કરેલી અને તે દરમ્યાન ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આરોપીઓને અટક કર્યા અંગેનું પંચનામું તથા જાતિનો દાખલો તથા સાહેદોના નિવેદનો તથા ફરીયાદીનુ નિવેદન તથા અન્ય સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ.

(૧૯.૧) વધુમાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને મા–બેન સમાણી ગાળો બોલી તથા જાતિ વિષયક ખરાબ શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબ ગુનાનો આક્ષેપ છે, રજુ જાતી અંગે ના દાખલા બાબતે જોઈ તકરાર આરોપી તરફે નથી પરંતુ ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદો, તેમની જુબાનીમાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાતિ વિષયક શબ્દો બોલી તથા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબના આક્ષેપિત ગુનાની હકીકતો સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૨૦) આ કામે ફરિયાદી ને ઈજા થયેલ અને તે બાબતે તેઓએ, ડો. તુષારભાઈ કરશનભાઈ પટેલ(સુવાગીયા) પાસે જંબુસર ખાતે

જંબુસર જનરલ હોસ્પીટલમાં સારવાર કરાવેલ છે તે પણ બીનતકરારી હકીકત છે, પરંતુ ફરિયાદીએ પોતે પુરાવા દરમ્યાન જણાવેલ છે કે, ધક્કા મુક્કી ના કારણે પડી જવાથી તેઓને ઈજા થયેલ તે ઉપરાંત મેડીકલ ઓફીસરશ્રી ના પુરવા મુજબ પણ હોસ્પીટલમાં તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ હર્ષદભાઈ દીલીપભાઈ ગોહીલનાઓને સારવાર માટે લાવવામાં આવેલ હતા તેની હિસ્ટ્રી પુછતા જણાવેલ કે અમુક ઈસમો ધ્વારા ડાભા ગામ ખાતે અંદાજે સાંજે સાડા ચાર વાગ્યાના સુમારે મુકકા અને પાટુ ધ્વારા ઈજા પહોંચાડવામાં આવેલી. આમ હાલના આરોપીઓ દ્વારા ફરિયાદી ને ઈજા કરવામા આવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર નથી.

(૨૧) આમ, ઉપરોકત રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન એક સાથે કરવામાં આવેલ છે જેની ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુનાના તત્વો સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની હકીકતો નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા્માં નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા્ નં.૨ પરત્વે છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામના આરોપી નં.૧) જમીલ હુશેન ઉર્ફે મુઝમીલ બશીર ઉમર ખીલજી, રહે.ડાભા તળાવ ઉપર,દરગાહ વાળી પાળ,તા.જંબુસર, જી.ભરૂચ, ૨) શાહબુદીન મેહબુબ એહમદ ખીલજી, રહે.ડાભા, ધોળાકુવા,આંબાવાડી,નવનગરી પાસે,તા.જંબુસર, જી.ભરૂચ, ૩) યુસુફ એહમદ ગુલભા ખીલજી, રહે.ડાભા, ધોળાકુવા,આંબાવાડી, નવનગરી પાસે,તા.જંબુસર, જી.ભરૂચ અને

૪) અબ્દુલ જોરભા ગુલભા ખીલજી, રહે.ડાભા, ધોળાકુવા વાડીમાં, તા.જંબુસર, જી.ભરૂચનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયા બાબતે આંક–૩૮ થી પરસીસ રજુ થયેલ હોઇ આરોપીઓને ઇ.પી.કોડ કલમ–૩૨૩, ૫૦૪ મુજબના ગુનામાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ આંક–૩૮ નીચે કરેલ છે.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે જો અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર થવા માટેના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) ના જામીન તથા જાતમુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તારીખ ૧૦, માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 10/08/2026.**

**Place : BHARUCH**

**(EJAZ MOHSINALI SHAIKH)**
**Sp. Atro & 2nd Additional**
**Sessions Judge, BHARUCH.**
**(Judge Code No.GJ00627)**

YSD